જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૬/૧૧/૨૦૧૪ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૨૭/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી ૭૦ લીટર દેશી દારૂ, ૪૩ બોટલ ઇગ્લીશ દારૂ અને ૩૪ બિયર ટીન કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૨૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૭૨૯/૧૪**

**સેટેલાઇટ** : ગૌતમભાઇ નાનજીભાઇ ચાવડા (રહે.રાજીવનગર વિભાગ-૩, ચીમનભાઇ પટેલનાં બંગ્લાની બાજુમાં, સેટેલાઇટ) એ તા.૫/૧૧/૧૪ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૧૧/૧૪ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી મૌસમી (ઉ.વ.૧૬)ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.યુ.મશી ચલાવે છે.

**દરીયાપુર** : આરેફા નાસીરહુસેન શેખ (રહે.નગીનાપોળ, દરીયાપુર) એ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૧૧/૧૪ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી આના (ઉ.વ.૯)ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પોઇશ્રી વી.એન.યાદવ ચલાવે છે.

**ઇસનપુર** : શીવકુમાર લખનસિંગ રાજપુત (રહે.ચંદનપાર્ક સોસાયટી, ચંડોળા ઢાળ નીચે, ઇસનપુર) એ તા.૫/૧૧/૧૪ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૧૧/૧૪ સાંજનાં ૭/૩૦ વાગ્યાના સુમારે ઇસનપુર સત્તાધારનગર, ગાયત્રીનગર નજીકથી પોતાની પુત્ર ગુલશનકુમાર(ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૭૩૦/૧૪**

**વેજલપુર** : શાંતાબહેન હરીભાઇ અઝુઝીયા (ઉ.વ.૫૦)(રહે.ગાયત્રી સોસાયટી, કિરણ રો હાઉસ, જીવરાજપાર્ક, વેજલપુર) તા.૫/૧૧/૧૪ સવારનાં ૧૦/૧૫ વાગ્યાના સુમારે જીવરાજપાર્ક, રણછોડરાયજી નાં મંદિર આગળથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શાંતાબહેનનાં ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શાંતાબહેન અઝુઝીયાએ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.રાવલ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૭૩૧/૧૪**

**નરોડા :** પોપટભાઇ ચીમનભાઇ પટણી (રહે.ગુ.હા.બોર્ડ, કૃષ્ણનગર, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૧૧/૧૪ કલાક ૦૦/૩૦ થી બપોરનાં ૧૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૭૧,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૧૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.પી.પીરોઝીયા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૭૩૨/૧૪**

**દાણીલીમડાઃ** દિપકકુમાર અરવિંદભાઇ પરમાર(ઉ.વ.૨૫)(રહે.પરીક્ષીતલાલનગર, બ્લોક નં.૩૧, બહેરામપુરા) એ કોઇ કારણસર તા.૫/૧૧/૧૪ નાં કલાક ૭/૧૫ વાગ્યા પહેલાં પોતાના ઘરે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાવજીભાઇ ભીમાજી ચલાવે છે.

**એલીસબ્રીજ :** વસંતીબહેન રમણભાઇ શાહ (ઉ.વ.૭૬(રહે.સુદેવીપાર્ક સોસાયટી, પી.ટી.કોલેજ રોડ, પાલડી) એ કોઇ કારણસર તા.૫/૧૧/૧૪ નાં કલાક ૬/૦૦ વાગ્યા પહેલાં પોતાના ઘરે કેરોસીન છાંટી સળગી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ફતેસિંહ રૂપાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.